**રથયાત્રા ડુંગરવાંટ, જેતપુરપાવી, તેજગઢ, છોટાઉદેપુર નગર, કવાંટ અને નસવાડીમાંથી પસાર થઈ**

# છોટાઉદેપુર જિલ્લામાં જનજાતિય ગૌરવ રથ યાત્રાને પરંપરાગત રીતે વ્યાપક માત્રામાં આવકાર

**● છોટાઉદેપુર, તા.૧૩**

ભગવાન બિરસા મુંડાની ૧૫૦ મી જન્મ જયંતિ ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા આયોજિત જનજાતિય ગૌરવ રથયાત્રા'' ને બોડેલી ખાતે ઉષ્માભેર આવકાર મળ્યો હતો. જે બાદ ગૌરવ યાત્રા ડુંગરવાંટ, જેતપુરપાવી, તેજગઢ અને છોટાઉદેપુર શહેરમાં ભ્રમણ કરીને ભગવાન બિરસામુંડાના રાષ્ટ્ર અને સમાજ ઉત્થાનના બહુમૂલ્ય યોગદાનથી નાગરિકોને વાકેફ કરાયાં હતા. તા. ૧૩મી નવેમ્બરના રોજ આ યાત્રા છોટાઉદેપુર નગર, કવાંટ અને નસવાડી તાલુકાએ પહોંચતા અહીં પણ નાગરિકો દ્વારા ઉષ્માપુર્વક આવકાર મળ્યો હતો.



અંબાજી થી શરૂ થયેલ ''જનજાતિય ગૌરવ રથયાત્રા'' આદિવાસી સમાજના સ્વાતંત્ર્ય સંગ્રામમાં યોગદાન અને વિકાસની સિદ્ધિઓ જન જન સુધી પહોંચાડવાના ઉદ્દેશ આગળ વધી રહી છે. તા.૧૩ના રોજ વહેલી સવારે રથયાત્રા છોટાઉદેપુર શહેરમાં નગરપાલિકા ખાતે મંત્રીશ્રીઓ દ્વારા ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાંજલિ કરી રથનું આગળ પ્રસ્થાન થયું હતું. જનજાતિય ગૌરવ રથયાત્રા'' કવાંટ ખાતે પહોચતા ગેરૈયાઓ દ્વારા પરંપરાગત સ્વાગત અને ગેરૈયા નૃત્ય કરવામાં આવ્યું હતું.ભગવાન બિરસા મુંડાની પ્રતિમાને પુષ્પાર્પણ કરી મંત્રીશ્રીઓ દ્વારા વિવિધ યોજનાના લાભાર્થીઓની લાભાન્વિત કરવામાં આવ્યા હતા. ત્યાર બાદ નસવાડી તાલુકામાં રથનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું અને ત્યાર બાદ રથયાત્રા એકતાનગર ખાતે રવાના થઈ હતી.

આ રથ યાત્રા દરમિયાન રાજયકક્ષાના આદિજાતિ વિકાસ અને અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના મંત્રીશ્રી પી.સી. બરંડા અને રાજ્યકક્ષાના કૃષિ અને ખેડૂત કલ્યાણ, સહકાર, પશુપાલન અને ગૌસર્વધન મંત્રીશ્રી રમેશભાઈ કટારા, સાંસદશ્રી જશુભાઈ રાઠવા, દાહોદના સાંસદ જશવંતભાઈ ભાભોર સહિત ધારાસભ્યશ્રીઓએ દ્વારા પ્રાસંગિક ઉદ્બોધન કરવા આવ્યું હતું.

**જામનગરની JCC હાર્ટ ઇન્સ્ટીટ્યુટને "પી.એમ.જે.એ.વાય.-મા" યોજનાની કામગીરીમાંથી સસ્પેન્ડ**

# "પી.એમ.જે.એ.વાય.-મા" યોજનામાં ગેરરીતિ આચરતી હોસ્પિટલો સામે આરોગ્ય મંત્રીની કડક કાર્યવાહી

**● અમદાવાદ, તા.૧૩**

આરોગ્ય વિભાગ દ્વારા સરકારી યોજનામાં ગેરરીતિ આચરતી હોસ્પિટલો સામે સતત કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જે અંતર્ગત જામનગરની JCC હાર્ટ ઈન્સ્ટીટ્યુટમાં ''પી.એમ.જે.એ.વાય.-મા'' યોજનાની માર્ગદર્શિકાનું પાલન થતું ન હોવાથી અને ગેરરીતિ આચરતી હોવાથી આ યોજનાની કામગીરીમાંથી સસ્પેન્ડ કરવામાં આવી છે. આ હોસ્પિટલને કુલ ૧૦૫ કાર્ડિયાક પ્રોસીઝરમાં ગેરરીતિ બદલ રૂ. ૬ લાખથી વધુનો દંડ પણ કરવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રી પ્રફુલ પાનશેરીયાએ જણાવ્યું હતું કે, જામનગરની JCC હાર્ટ ઈન્સ્ટીટ્યુટના ડો.પાર્શ્વ વ્હોરા (G-૨૮૫૩૮) દ્વારા કાર્ડિયોલોજી અને કાર્ડિઓવાસ્ક્યુલર થોરાસિક સર્જરીમાં કરવામાં આવતી ક્ષતિના કારણે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ હોસ્પિટલ દ્વારા PMJAYના બે કેસમાં લેબોરેટરી રિપોર્ટમાં અને ૧ કેસમાં ECG રિપોર્ટમાં છેડછાડ કરી લાભાર્થીઓને કાર્ડિયાક પ્રોસીજરની જરૂરિયાત હોવાનું દર્શાવવામાં આવ્યું હતું. આ ઉપરાંત રાજ્ય કક્ષાએથી આ હોસ્પિટલ દ્વારા કરવામાં આવેલા ૨૬૨ કેસની વધુ તપાસ કરાવતા ૫૩ કેસમાં વિસંગતા જોવા મળી હતી. જેમાં જરૂર ના હોય તેવા કેસમાં પણ કાર્ડિયાક પ્રોસીજર કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

### બે ખાનગી હોસ્પિટલોને દંડ કરીને તાકીદ કરાઈ

મંત્રીએ કહ્યું હતું કે, આકસ્મિક નિરીક્ષણ દરમિયાન યોજનાની માર્ગદર્શિકાનું પાલન ન થતું હોવાનું જણાતાં રાજ્યની બે ખાનગી હોસ્પિટલોને દંડ કરીને તાકીદ કરવામાં આવી હતી. આ હોસ્પિટલો પૈકી પાલનપુરની સદભાવના હોસ્પિટલમાં એમ્પેનલ્ડ ડોક્ટર સિવાય ના ડોક્ટર દ્વારા સર્જરી કરવામાં આવતા અને જૂનાગઢની સમન્વય હોસ્પિટલને નિયત કરેલા પેકેજ કરતાં વધુ રૂપિયાની લાલચે અન્ય પેકેજ બુક કરવા બદલ રૂ. ૫૦-૫૦ હજારનો દંડ કરવામાં આવ્યો છે.

**મુખ્યમંત્રીએ કેનવાસ પર સહી કરી- ગુજરાતમાં અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ-૨૦૩૦ માટે તૈયાર**

# કેન્દ્રિય મંત્રી, મંત્રીઓની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રીના હસ્તે 'અમદાવાદ ઇન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ' અને 'ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫નો શુભારંભ

**● અમદાવાદ, તા.૧૩**

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર ખાતે કેન્દ્રિય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન, અમદાવાદનાં મેયર પ્રતિભાબેન જૈન, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની, મંત્રીઓ, ધારાસભ્યો-સાંસદો, પૂર્વ મંત્રીઓ ઉપરાંત અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ''અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૫'' અને ''ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫''નો શુભારંભ કરાયો છે. અહીં તમામ મહાનુભાવોએ સ્વદેશી અપનાવવાના શપથ ગ્રહણ કર્યા હતા. ભારત માતાને પુષ્પાંજલિ અર્પણ કરી અને ''નવું ભારત @૧૫૦'' ગીતના સ્વરો સાથે કાર્યક્રમનો પ્રારંભ કરાયો હતો. મુખ્યમંત્રીએ ''મિશન ફોર મિલિયન ટ્રીઝ'' કોફી ટેબલ બુકનું અનાવરણ કરી વિવિધ શૈક્ષણિક-સાહિત્યિક ઝોન અને નેશનલ બુક ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના સ્ટોલની પણ મુલાકાત લીધી હતી. તેમણે, કેનવાસ પર સહી કરી ગુજરાતમાં અમદાવાદ શહેર કોમનવેલ્થ ગેમ -૨૦૩૦ માટે તૈયાર છે, તેને ગૌરવ પૂર્ણ ક્ષણ ગણાવી હતી. તેમણે, ભારતીય-અમેરિકન લેખક જય પટેલે સરદાર પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે લિખિત પ્રથમ પ્રકાશિત પુસ્તક બેરિસ્ટર મિસ્ટર પટેલનું વિમોચન કર્યું હતું. આ પુસ્તક પ્રખ્યાત ફિલ્મ નિર્માતા અને વાર્તાકાર અભિષેક દુધૈયા દ્વારા સહ-લિખિત છે. તેમણે ઈનોવેશન પેવિલિયન અંતર્ગત રિસાયકલ ગ્રીન સ્ટોલ, IOTA Diagnostic Pvt. Ltd. ના સ્ટોલની, WeHear અને KeenKey LLP જેવા ઉદ્યોગોના સ્ટોલ્સની મુલાકાત લીધી હતી અને અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલમાં તૈયાર કરવામાં આવેલા ચિલ્ડ્રન પેવેલિયનની પણ મુલાકાત લીધી હતી. તેમણે, 'ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫'' અંતર્ગત તૈયાર કરવામાં આવેલા સ્પિરિચુઅલ પેવેલિયન ખાતે સંતો-મહંતોની મુલાકાત લઈ પ્રસાદ ગ્રહણ કરી સ્વાદ અને સંસ્કૃતિના સંગમરૂપે વૈવિધ્યસભર ખાદ્ય પરંપરાને પણ વધાવી હતી.અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, નેશનલ બુક ટ્રસ્ટ ઈન્ડિયાના સંયુક્ત ઉપક્રમે હેરિટેજ સિટી અમદાવાદને સાહિત્ય અને પુસ્તક પ્રકાશન ક્ષેત્રે વિશ્વ ફલક પર પહોંચાડવાના ઉદ્દેશ સાથે વાંચે ગુજરાત ૨.૦ અંતર્ગત તારીખ ૧૩ થી ૨૩ નવેમ્બર ૨૦૨૫ દરમિયાન સાબરમતી રિવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર, પાલડી ખાતે 'અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ-૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ અને ફૂડ ફોર થોટ ફેસ્ટ ૨૦૨૫માં તમામ મુલાકાતીઓ માટે પ્રવેશ નિઃશુલ્ક રહેશે, માત્ર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે. આ લિંક પર https://drive.google.com/file/d/1Z2oWVkkv_Xjkx7N3f6zLt9hrKVpCKUO7/view?usp=drive_link થી અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ અને 'ફૂડ ફોર થોટ ફેસ્ટ અંતર્ગત યોજાનારા વિવિધ સાહિત્યિક - સાંસ્કૃતિક કાર્યક્રમ નિઃશુલ્ક માણી શકાશે.

**કૃષિ રાહત સહાય પેકેજનો લાભ લેવા આજથી ૧૫ દિવસ સુધી ઓનલાઈન પોર્ટલ કાર્યરત રહેશે**

# કૃષિમંત્રીની જાહેરાત ; પાત્રતા ધરાવનારાઓને તાત્કાલિક સહાય, જરુર જણાશે તો સમય મર્યાદા વધારાશે

**● અમદાવાદ, તા.૧૩**

રાજ્યના બનાસકાંઠાના વાવ-થરાદ સહિત ૫ જિલ્લાઓમાં ઓગષ્ટ-સપ્ટેમ્બરમાં થયેલી અતિવૃષ્ટિ બાદ ઓક્ટોબર-નવેમ્બરમાં થયેલા કમોસમી વરસાદના અસરગ્રસ્ત ખેડૂતોને થયેલી નુકશાની બદલ સરકારે કુલ મળીને રુ. ૧૧,૧૩૭ કરોડના કૃષિ રાહત સહાય પેકેજની જાહેરાત કરી છે. હવે, કૃષિમંત્રી જીતુભાઈ વાઘાણીએ કહ્યું હતું કે, આ પેકેજનો લાભ મેળવવા માટે ૧૪મી, નવેમ્બરના શુક્રવારના બપોરે ૧૨ કલાકથી ૧૫ દિવસ સુધી ઓનલાઈન પોર્ટલ કાર્યરત કરાશે. આ કૃષિ રાહત પેકેજનો લાભ મેળવવા માટે ખેડૂતોએ કૃષિ રાહત પેકેજ-KRP પોર્ટલ Link: https://krp.guja®a.gov.in પર ગ્રામ પંચાયતના ફઝઈ-ફ્ન્ઈ મારફત ઓનલાઈન અરજી કરવાની રહેશે.કૃષિ મંત્રીએ કહ્યું હતું કે, આ અંગેના ઠરાવ મુજબના સાધનિક કાગળો સાથે નિયમાનુસાર પાત્રતા ધરાવતા ખેડુતો દ્વારા ફઝઈ-ફ્ન્ઈ મારફત અરજી કરવાની રહેશે. ખેડૂતોએ ઓનલાઈન અરજી કરવા માટે કોઈ ચૂકવણું કરવું નહીં પડે. આ પેકેજ અંતર્ગત ખેડૂતોને સહાય PFMS-RTGS મારફત DBT પદ્ધતિથી લાભાર્થીના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવશે. આ માટે ૧૬,૫૦૦થી વધુ ગામોનું ઓનલાઈન અરજી માટે પોર્ટલ સાથે મેપિંગ કરવામાં આવશે.

નિયમાનુસાર પાત્રતા ધરાવતી અરજીઓ જેમ જેમ આવતી જશે, તેમ તેમ તેની ચકાસણી બાદ તાત્કાલીક સહાય ચુકવણા માટેની કાર્યવાહી કરવામાં આવશે. જરૂર જણાયે પોર્ટલ પર અરજી કરવાની સમય મર્યાદામાં વધારો કરવા પણ રાજ્ય સરકાર સકારાત્મક અભિગમ ધરાવે છે.

# બગોદરા-બાવળા હાઈવે પર ગમખ્વાર અકસ્માતમાં એકનું મોત

**● અમદાવાદ, તા. ૧૩**

બગોદરા-બાવળા નેશનલ હાઈવે પર આજે (ગુરૂવારે) વહેલી સવારે મોગલધામ નજીક એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ચોટીલાથી દર્શન કરીને સાબરકાંઠા તરફ પરત ફરી રહેલા યાત્રિકોથી ભરેલી એક ઈકો કારના ચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવી દેતા કાર પલટી ખાઈ ગઈ હતી. આ ગમખ્વાર દુર્ઘટનામાં એક વ્યક્તિનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે અન્ય છ લોકો ગંભીર રીતે ઘાયલ થયા હતા.

પ્રાપ્ત માહિતી અનુસાર અકસ્માત એટલો ભયાનક હતો કે ઈકો વાન પલટી મારીને રસ્તા પરથી ઉતરી ગઈ હતી અને લગભગ ૫૦ મીટર દૂર સુધી ફંગોળાઈ હતી. વહેલી સવારના સમયે બનેલી આ ઘટનાને પગલે હાઈવે પર અરેરાટી વ્યાપી ગઈ હતી અને આસપાસના વાહનચાલકો મદદ માટે દોડી આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ બગોદરા અને બાવળા ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમો તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે પ્રથમ બાવળાની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જોકે, ઈજાઓ ગંભીર હોવાથી તમામને વધુ સારવાર અર્થે અમદાવાદની સોલા સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા છે.

પોલીસે મૃતકની લાશને પોસ્ટમોર્ટમ માટે ખસેડી અકસ્માતનું કારણ જાણવા તથા કાયદેસરની કાર્યવાહી કરવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# ભારતના યુવાઈનો વેટર્સ સેમસંગ સોલ્વ ફોર ટુ મોરો ૨૦૨૫ ખાતે ચમક્યા : બહેતર ભારત માટે AI-પાવર્ડ સોલ્યુશન્સ નિર્માણ કરવા રૂ.૧ કરોડ જીત્યા

**● ગુરુગ્રામ, તા.૧૩**

ભારતની સૌથી વિશાળ કન્ઝ્યુમર ઈલેક્ટ્રોનિક્સ બ્રાન્ડ સેમસંગે આજે તેના રાષ્ટ્રીય શૈક્ષણિક કાર્યક્રમ સેમસંગ સોલ્વ ફોર ટુમોરો ૨૦૨૫ની ચોથી આવૃત્તિના વિજેતાઓની ઘોષણા કરી હતી, જે યુવા વિદ્યાર્થીઓને તેમના સ્થાનિક સમુદાયોમાં મોટા પડકારો માટે અસલ દુનિયાના સમાધાન નિર્માણ કરવા ટેકનોલોજીનો ઉપયોગ કરવા માટે પ્રેરિત કરે છે.

ટોચની ચાર વિજેતા ટીમો- પર્સિવિયા (બેન્ગલુરુ), નેક્સ્ટપ્લે.એઆઈ (ઔરંગાબાદ), પેરાસ્પીક (ગુરુગ્રામ) અને પૃથ્વી રક્ષક (પલામુ)ને ઈન્ક્યુબેશન ગ્રાન્ટ્સમાં રૂ. ૧ કરોડ પ્રાપ્ત થયા હતા અને આઈઆઈટી દિલ્હીની એફઆઈટીટી લેબ્સ ખાતે મેન્ટરશિપ સપોર્ટ સાથે ઉચ્ચ સ્તરના અસલ દુનિયાના સોલ્યુશન્સમાં તેમના પ્રોટોટાઈપ્સ વિકસાવવાનું ચાલુ રાખશે.

જ્યુરીની પેનલે ચાર થીમેટિક ટ્રેક્સ- સુરક્ષિત, સ્માર્ટર અને સમાવેશક ભારત માટે AI, ભારતમાં આરોગ્ય, હાઈજીન અને સુખાકારીનું ભવિષ્ય, ટેકનોલોજી થકી પર્યાવરણીય સક્ષમતા અને સ્પોર્ટ તથા ટેક થકી સામાજિક પરિવર્તનમાં ફાઈનલિસ્ટોના સમાધાનનું મૂલ્યાંકન કરવા માટે સેમસંગના આગેવાનો અને શૈક્ષણિક, સરકાર અને ઉદ્યોગ જગતમાંથી નિષ્ણાતોને એકત્ર લાવી દીધી હતી.

આ વર્ષની સેમસંગ સોલ્વ ફોર ટુમોરોમાં ભારતભરમાંથી હજારો સહભાગીઓએ નક્કર, માનવલક્ષી વિચારો પ્રસ્તુત કર્યા હતા, જે હેતુ સાથે નાવીન્યતાને સંમિશ્રિત કરતા હતા. પહેલી વાર ફાઈનલિસ્ટોને એફઆઈટીટીના આધુનિક આરએન્ડડી ઈન્ફ્રાસ્ટ્રક્ચરને હાથોહાથની પહોંચ પ્રાપ્ત થઈ હતી, જે ગ્રાન્ડ ફિનાલે પૂર્વે તેમની સંકલ્પનાઓની નવી વ્યાખ્યા કરે છે.

શક્યતાઓની નવી વ્યાખ્યા કરતાં વિજેતા ઈનોવેશન્સ

પર્સિવિયા (બેન્ગલુરુ): AI-પાવર્ડ વેરેબલ ગ્લાસીસ સિસ્ટમ ઓબ્જેક્ટ્સને ઓળખે છે, ૩૩ ગ્રિડ વોઈસ અને વાઈબ્રેશન ફીડબેક થકી તેમનું લોકેશન જાહેર કરીને દ્રષ્ટિવિકાર ધરાવનારા માટે અસલ સમયમાં સ્પાશિયલ જાગૃતિ પૂરી પાડે છે.

નેક્સપ્લે.AI (ઔરંગાબાદ): આ સ્પોર્ટ્સ માટે મોબાઈલ પ્રથમ AI મંચ AI વર્ચ્યુઅલ કોચ, AI રેફરી અને ન્યુરો-ઈન્ક્લુઝિવ ટ્રેકરને જોડીને કોઈ પણ સમયે ક્યાંય પણ એથ્લીટ્સ માટે ન્યાયીપણું, પહોંચ અને સમાવેશકતાની ખાતરી રાખે છે.

પેરાસ્પીક (ગુરુગ્રામ): અસલ સમયનું, સ્પીકર- સ્વતંત્ર સ્પીચ એન્હાન્સમેન્ટ ડિવાઈસ થોથવાતી વાણી (ડાયસાર્થ્રિયા)ને ડીપ- લર્નિંગ અલ્ગોરીધમ્સનો ઉપયોગ કરીને સ્પષ્ટ સંદેશવ્યવહારમાં પરિવર્તિત કરીને વ્યક્તિગતોને આત્મવિશ્વાસ સાથે સંદેશવ્યવહાર કરવા મદદ કરે છે.

પૃથ્વી રક્ષક (પલામુ): આ સમુદાય પ્રેરિત ગ્રીન એપ ઝાડ દત્તક લેવું, રિસાઈકલિંગ અને ગેમિફાઈડ ઈકો- એક્શન્સ થકી સક્ષમ જીવનને પ્રોત્સાહન આપીને ભારતભરમાં પર્યાવરણીય જાગૃતિને પ્રોત્સાહિત કરે છે.

ભારતના યુવા ઈનોવેટર્સને સશક્ત બનાવે છે

નવી દિલ્હીમાં ગ્રાન્ડ ફિનાલેમાં વિજેતાઓને સઘન છ મહિના પ્રવાસ પછી પસંદગી કરાઈ હતી, જેમાં ઘણા બધા મેન્ટરશિપ રાઉન્ડ, પ્રોટોટાઈપ ડેવલપમેન્ટ અને બૂટકેમ્પ્સનો સમાવેશ થતો હતો. ટોચની ૨૦ ફાઈનલિસ્ટ ટીમોને પ્રત્યેકી રૂ. ૧ લાખ અને તેમની ક્રિયાત્મકતા માટે અને બહેતર દુનિયા નિર્માણ કરવા તેની કટિબદ્ધતા માટે નવીનતમ સેમસંગ ગેલેક્સી Z ફ્લિપ સ્માર્ટફોન્સ પણ પ્રાપ્ત થયા હતા.

ઉપરાંત ઈવેન્ટમાં પાંચ વિશેષ પુરસ્કારો પ્રસ્તુત કરાયા હતાઃ

- ગૂડવિલ એવોર્ડસ (૨)- પ્રત્યેકી રૂ. ૧,૦૦,૦૦૦
- યંગ ઈનોવેટર એવોર્ડસ (૨)- પ્રત્યેકી રૂ. ૧,૦૦,૦૦૦
- સોશિયલ મિડિયા ચેમ્પિયન એવોર્ડ- રૂ. ૫૦,૦૦૦

ભારતની ઈનોવેશન ઈકોસિસ્ટમનું નિર્માણ

સ્ટાર્ટઅપ ઈન્ડિયા (ડીપીઆઈઆઈટી), એમઈઆઈટીવાય સ્ટાર્ટઅપ હબ અને અટલ ઈનોવેશન મિશન (નીતિ આયોગ) સાથે બહુવર્ષ ભાગીદારી થકી સેમસંગે ભારતની યુવા ઈનોવેશન પાઈપલાઈનને મજબૂત બનાવવાનું ચાલુ રાખીને ભારતના દરેક ખૂણાના યુવા પરિવર્તનકારીઓ માટે તકો નિર્માણ કરવાનું ચાલુ રાખ્યું છે.

''વર્ષોનાં વહાણાં વીતવા સાથે સેમસંગ સોલ્વ ફોર ટુમોરોએ ઈનોવેશન આર્કિટેક્ચર નિર્માણ કર્યું છે, જે ટેકનોલોજીની વ્યાપ્તિ વધારે છે અને ભારતના દરેક ભાગની ક્રિયાત્મકતાની ઉજવણી કરે છે. આ વર્ષે પણ અમને નાનાં શહેરો અને ગ્રામીણ સમુદાયોમાંથી અસાધારણ વિચારો ઊભરતા જોવા મળ્યા છે, જે પ્રતિભાની કોઈ સીમા હોતી નથી તે વાતને ફરી સમર્થન આપે છે. અમારું વિઝન સારપ ટેકનોલોજીનો ઉપયોગ કરીને ડિજિટલ ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી સરકારની પથદર્શક પહેલોની રેખામાં વધુ સમાવેશક અને ભાવિ સુસજ્જ ભારત નિર્માણ કરવા આ યુવા ઈનોવેટર્સનું મેન્ટરિંગ, રિસોર્સિંગ અને સશક્તિકરણ કરવાનું છે,'' એમ સેમસંગ સાઉથવેસ્ટ એશિયાના પ્રેસિડેન્ટ અને સીઈઓ જેબી પાર્કે જણાવ્યું હતું.

જ્યુરીમાં સેમસંગની આગેવાની, શિક્ષણ જગત અને સરકારમાંથી નિષ્ણાતોનો સમાવેશ થતો હતો, જેમ કે, શ્રી મોહન રાવ ગોલી (એમડી, એસઆરઆઈ- બી), શ્રી પંકજ મિશ્રા (સીટીઓ, એસઆરઆઈ-ડી), શ્રી યુરાન કિમ (એમડી, એસડીડી), શ્રી કેવાય રૂ (એમડી, એસઆરઆઈ- એન).

અન્ય જ્યુરી સભ્યો મૂલ્યાંકન પ્રક્રિયામાં ક્રોસ- ડોમેન નિપુણતા અને વૈવિધ્યપૂર્ણ પરિપ્રેક્ષ્ય લાવ્યા છે. પેનલમાં એમઈઆઈટીવાય સ્ટાર્ટઅપ હબના સીઈઓ ડો. પી. એસ. મદનગોપાલ, આઈઆઈટી દિલ્હી ખાતે ડિઝાઈનના આસિસ્ટન્ટ પ્રોફેસર ડો. શ્રીનિવાસન વેક્ટરામા, ભારત સરકારના પ્રમુખ વૈજ્ઞાનિક સલાહકાર કાર્યાલય સાયન્ટિસ્ટ જી ડો. રાકેશ કૌર, સ્ટાર્ટઅપ ઈન્ડિયાના હેડ મમથા વેંકટેશ, અટલ ઈનોવેશન મિશન, નીતિ આયોગના ડાયરેક્ટર હિમાંશુ જોશીનો સમાવેશ થતો હતો, જે દરેકે સર્વ ચાર થીમમાં એન્ટ્રીઓનું મૂલ્યાંકન કર્યું હતું. તેમની સાથે અમેરિકન એમ્બેસી સ્કૂલના ડાયરેક્ટર ડો. રેન્ડ હેરિંગ્ટન, જેમણે સ્પોર્ટ એન્ડ ટેકઃ ફોર એજ્યુકેશન એન્ડ બેટર ફ્યુચર્સ થકી સામાજિક પરિવર્તન થીમ માટે જ્યુરી પર સેવા આપી હતી, અને ડીપીઆઈઆઈટીના ડાયરેક્ટર ડો. સુમીત કે. જારંગલનો સમાવેશ થતો હતો.

એવોર્ડસ સમારંભમાં માનવંતા મહેમાનોમાં ભારત સરકાર માટે પ્રમુખ વૈજ્ઞાનિક સલાહકાર પ્રોફેસર અજય કે સૂદ, ભારતમાં યુનાઈટેડ નેશન્સના નિવાસી સમન્વયક શોમ્બી શાર્પ, એફઆઈઆઈટી, આઈઆઈટી દિલ્હીના મેનેજિંગ ડાયરેક્ટર ડો. નિખિલ અગરવાલ અને ઈન્ટરનેશનલ ઓલિમ્પિક કમિટી યંગ લીડર પ્રજ્ઞા મોહનનો સમાવેશ થતો હકો.

''યુવા ઈનોવેટર્સની આ પેઢી ભારતની અચૂક જરૂરત છે. તેઓ વૈશ્વિક સ્તરે થઈ રહ્યું છે તેનું અનુકરણ કર્યા વિના હેતુ સાથે ડિઝાઈનિંગ કરવા સક્ષમ છે. વિચારો તળિયાના સ્તરથી ઊભરી આવે, સ્થાનિક પડકારોમાં મૂળિયાં ધરાવતાં હોય ત્યારે તે પ્રોડક્ટ નેશન તરીકે આપણી ટ્રેજેક્ટરીમાં પરિવર્તન લાવવાની શક્તિ ધરાવે છે,'' એમ ભારત સરકારના પ્રમુખ વૈજ્ઞાનિક સલાહકાર પ્રો. અજય કે. સૂદે જણાવ્યું હતું.

# અમદાવાદના સરસપુરમાં આંગડિયામાંથી પરત આવતા ૧૮ લાખની લૂંટ

**● અમદાવાદ, તા. ૧૩**

અમદાવાદમાં સરસપુરમા એક વેપારી આંગડિયામાંથી પૈસા લઈને પરત આવતો હતો. તે સમયે અજાણ્યા બાઈકચાલકોએ તેની સાથે ઝઘડો કરીને વાહનની ચાવી ફેંકી હતી. ત્યાર બાદ વાહનની ડેકીમાંથછી ૧૮ લાખની લૂંચ કરી હતી.

પોલીસ પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર સાબરમતીમાં રહેતા નારાયણદાસ બિનાની લોખંડના ખરીદ વેચાણનો ધંધો કરે છે. ૧૨ નવેમ્બરે તેઓ તેમના ટુ-વ્હીલર જ્યુપિટર લઈને દરિયાપુર ખાતે મિત્રને મળવા ગયા હતા. આ દરમિયાન એક વેપારીને ૧૮ લાખ ધંધાના આપવાનો હોવાથી તેઓ નવરંગપુરા ખાતે આવેલા ઈશ્વર સોમા નામની આંગડિયા પેઢીમાંથી ૨૧.૩૬ લાખ રૂપિયા લઈને ૧૮ લાખ રૂપિયા વાહનની ડેકીમાં મૂકી દીધા હતા.

પૈસા લઈને તેઓ જ્યુપીટર લઈ રખિયાલ ખાતે કામ માટે નીકળ્યા હતા. સાંજે ૫:૧૫ વાગ્યાની આસપાસ સરસપુર વંદે માતરમ પાર્ટી પ્લોટ પાસે તેઓ પહોંચ્યા ત્યારે એક અજાણ્યા બાઈકચાલકે તેમનું આગળ બાઈક લાવીને કહ્યું કે કાકા ગાડી બરાબર ચલાવો જેમ તેમ ન ચલાવો. જેથી બંને વચ્ચે રકઝક થઈ ગઈ હતી. આ દરમિયાન બન્નેએ ૧૮ લાખની લૂંટ કરી હતી. પોલીસે બે અલગ અલગ વાહન પર આવેલા અજાણ્યા વ્યક્તિઓ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

# બહિયલ કેસમાં ૨ આરોપીની જામીન અરજી પરત ખેંચાઈ

**● અમદાવાદ, તા. ૧૩**

તાજેતરમાં ગાંધીનગરના બહિયલ ગામમાં બહુમતી કોમના એક વ્યક્તિએ પોતાના સોશિયલ મીડિયા સ્ટેટસમાં આઈ લવ મહાદેવ લખવાના કેસમાં આરોપી મોહમ્મદ આદિલ કુરેશી અને અહમદ હસન કુરેશી દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં ચાર્જશીટ પહેલા જામીન અરજી ફાઈલ કરવામાં આવી હતી. જેને ગુજરાત હાઈકોર્ટે ફગાવી દેવાનું વલણ ધરાવતા આ અરજી પરત ખેંચવામાં આવી હતી.

નોંધનીય છે કે દહેગામમાં હથિયારો સાથે ૨૦૦ જેટલા લઘુમતી કોમના ટોળાએ ગામના ચોકમાં આવીને દુકાનોમાં આગ લગાડી હતી. વાહનોને નુકસાન કર્યું હતું અને બહુમતી કોમના લોકોને ઈજા પહોંચાડીને માર માર્યો હતો. એટલું જ નહીં પરંતુ પોલીસ આવતા પોલીસ ઉપર પણ પથ્થર મારો કર્યો હતો, પોલીસના વાહનોને નુકસાન કર્યું હતું. આગ બુઝાવવા આવેલી ફાયર ફાઈટર્સની ગાડીઓને રોકવા પ્રયત્ન કર્યો હતો.

તેમની જામીન અરજીનો વિરોધ કરતા સરકારી વકીલે કહ્યું હતુ કે આ ઘટનામાં પોણા કરોડનું નુકસાન થયું છે. જો તેમને જામીન આપવામાં આવે તો બહિયલ ફરીથી અશાંત બને તેમ છે.

**જીઆઇ ટેગ શ્રધ્ધાની સાથે કુદરતી સંપત્તિ અને ઔદ્યોગિક ગૌરવનું પ્રતીક બન્યું છેઃ કલેક્ટર**

# ગુજરાતના ઔદ્યોગિક ગૌરવને નવી ઓળખ, અંબાજી માર્બલને જીઆઇ ટેગનું મળ્યું

**● અંબાજી, તા.૧૩**

અંબાજી વિસ્તારના માર્બલને ભારત સરકારે ''ભૌગોલિક સંકેત'' તરીકે માન્યતા આપી છે. આથી અંબાજી માર્બલ હવે કાયદેસર રીતે સુરક્ષિત અને વૈશ્વિક સ્તરે ઓળખ ધરાવતું ઉત્પાદન બની ગયું છે. આ ટેગ સાથે અંબાજી માર્બલનું માન વધ્યું છે, અને હવે તે વિશ્વના નકશા પર ગુજરાતની નવી ઓળખ તરીકે ચમકશે.

જિલ્લા કલેક્ટર મિહિર પટેલે જણાવ્યું કે, પવિત્ર યાત્રાધામ તરીકે શક્તિપીઠ અંબાજીને વૈશ્વિક ઓળખ મળી છે તેવી જ રીતે અંબાજી માર્બલનું નામ પણ વિશ્વમાં તેજસ્વી રીતે લખાયું છે. હવે અંબાજી શ્રધ્ધાની સાથે કુદરતી સંપત્તિ અને ઔદ્યોગિક ગૌરવનું પ્રતીક પણ બન્યું છે. અંબાજી માર્બલનું માન વધ્યું છે, અને અંબાજીનું નામ વિશ્વના પથ્થર ઉદ્યોગના નકશા પર તેજસ્વી રીતે લખાયું છે. આ સિધ્ધિ બદલ કલેકટરએ બનાસ વાસીઓ અને અંબાજી માર્બલ ક્વોરી અને ફેક્ટરી એસોસિએશનને અભિનંદન પાઠવ્યા હતા.

અંબાજી વિસ્તારનો માર્બલ તેની દૂધિયા સફેદ ચમક, ટકાઉપણું અને પ્રાકૃતિક સૌંદર્ય માટે જાણીતા છે. આ માર્બલનો ઉપયોગ અંબાજી મંદિર સહિત અનેક ધાર્મિક સ્થળો, સ્મારકો અને ભવ્ય ઈમારતોમાં થાય છે. તે ગુજરાતની ધરતીની કુદરતી સૌંદર્ય અને પરંપરાગત હસ્ત કૌશલ્યનું પ્રતીક છે.

ભૌગોલિક સંકેતએ એવું પ્રમાણપત્ર છે, જે કોઈ ચોક્કસ વિસ્તારના અનન્ય ઉત્પાદને આપવામાં આવે છે, જે તે વિસ્તારની ભૂગોળ, માટી, પરંપરા અથવા કુદરતી લક્ષણો પર આધારિત હોય. ભારતમાં જીઆઇ ટેગ ભારત સરકારના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રોત્સાહન વિભાગ હેઠળ, ચેન્નાઈ સ્થિત જીઆઇ રજિસ્ટ્રી ઓફિસ દ્વારા આપવામાં આવે છે.

આ ટેગ મળવાથી વિશ્વસ્તરીય ઓળખઃ અંબાજી માર્બલ તરીકે વૈશ્વિક બજારમાં અનન્ય બ્રાન્ડ ઈમેજ મળશે.,નકલી ઉત્પાદનો સામે સુરક્ષાઃ અન્ય વિસ્તારોના માર્બલને અંબાજી માર્બલ તરીકે વેચી શકાશે નહીં.,સ્થાનિક ઉદ્યોગોને પ્રોત્સાહનઃ રોજગાર, ખાણકામ અને ફેક્ટરી ક્ષેત્રે નવી તકો વધશે.,નિકાસમાં વધારોઃ વિદેશી માર્કેટમાં વિશ્વાસ અને માંગ બંને વધશે.,પરંપરાગત કૌશલ્યનું જતનઃ સ્થાનિક કલાકારો અને કારીગરોના હસ્તકૌશલ્યને નવી માન્યતા મળશે.

ભારત સરકારના ઉદ્યોગ મંત્રાલય દ્વારા આયોજિત કાર્યક્રમ દરમ્યાન કેન્દ્રીય ઉદ્યોગ મંત્રી પીયુષ ગોયલના હસ્તે બનાસકાંઠાના ભૂસ્તરશાસ્ત્રી ગુરુપ્રીત સિંહને જી.આઇ. (ભૌગોલિક ઓળખ) ટેગનું પ્રમાણપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા છે.

# ૧૨૫ કરોડના છેતરપિંડી વ્યવહારો દ્વારા સરકારને ૧૯ કરોડનું નુકસાન પહોંચાડનારની ધરપકડ

**● સુરત, તા.૧૩**

સુરત શહેરમાં એક મોટા જીએસટી કૌભાંડનો પર્દાફાશ થયો છે. ડિરેક્ટોરેટ જનરલ ઓફ ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ ઈન્ટેલિજન્સની ટીમે એક વ્યક્તિની ધરપકડ કરી છે જેણે ૧૨૫ કરોડના છેતરપિંડી વ્યવહારો દ્વારા સરકારને ૧૯ કરોડનું નુકસાન પહોંચાડ્યું હતું.

મુખ્ય આરોપી શેખ યુસુફ અબ્દુલ ગફુરે એમએસ સ્કેપ બિઝનેસ નામની એક પેઢી અને ન્યૂ નલબંદ ટ્રેડિંગ નામની એક અલગ કંપની ખોલી હતી. બંને કંપનીઓનો ઉપયોગ ફક્ત છેતરપિંડી બિલિંગ માટે થતો હતો. આરોપીએ આ કંપનીઓના નામે ખોટા ઈન્વોઈસ બનાવીને જીએસટી ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી હતી. તપાસ દરમિયાન, એવું જાણવા મળ્યું કે આરોપીએ ૧૨૫ કરોડના છેતરપિંડી વ્યવહારો બતાવીને આશરે ૧૯ કરોડની ઈનપુટ ટેક્સ ક્રેડિટ મેળવી હતી. બાદમાં તેણે આ નાણાંનો ઉપયોગ અન્ય વ્યવહારો માટે કર્યો, સરકાર સાથે નોંધપાત્ર રીતે છેતરપિંડી કરી.

ડીજીજીઆઈ ટીમે ગોરાટ રોડ પરના તેના વૈભવી ફ્લેટમાંથી આરોપી યુસુફ અબ્દુલ ગફુરની ધરપકડ કરી. એવું પણ બહાર આવ્યું છે કે આરોપી કરોડો રૂપિયાની સંપત્તિ ધરાવે છે અને તે વૈભવી જીવનશૈલી જીવે છે. કોર્ટે આરોપીને કોર્ટમાં રજૂ કરીને ૧૪ દિવસની ન્યાયિક કસ્ટડીમાં મોકલી આપ્યો છે.ડીજીજીઆઈ ટીમ હવે આ કૌભાંડમાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓ અને શેલ કંપનીઓની તપાસ કરી રહી છે.આ કૌભાંડથી સુરતના ઉદ્યોગમાં ખળભળાટ મચી ગયો છે. કરચોરીના આ કેસમાં ફરી એકવાર દર્શાવવામાં આવ્યું છે કે ડીજીજીઆઈ બનાવટી બિલિંગ દ્વારા કરચોરી કરનારાઓ સામે કડક કાર્યવાહી કરી રહ્યું છે.

# ગિરનાર પર્વત પર પાણીની સમસ્યાનો ઉકેલ આવશે, વોટર પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો

**● જૂનાગઢ, તા.૧૩**

ગિરનાર પર્વત પર વર્ષોથી રહેલી પાણીની સમસ્યાનો હવે ટૂંક જ સમયમાં અંત આવશે. ગિરનાર પર પાણી પહોંચાડવા માટે તંત્ર દ્વારા પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. ગિરનાર પર વર્ષે લાખો યાત્રાળુઓ દર્શન કરવા આવે છે પરંતુ પાણીની સમસ્યાના કારણે શ્રદ્ધાળુઓ હેરાનગતિનો સામનો કરી રહ્યા છે. ત્યારે પાણી પુરવઠા બોર્ડ અંતર્ગત ગિરનાર વોટર પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ગિરનારના જંગલમાં આવેલા હસનાપુર ડેમથી એક એમ.એલ.ડી પાણી લેવામાં આવશે અને ૧૦ જગ્યા પર પાણીનું વિતરણ કરવામાં આવશે.

જૂનાગઢનો ગિરનાર પર્વત, જે પવિત્ર યાત્રાધામ અને પ્રકૃતિની સુંદરતાનું ધામ છે, ત્યાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓ આવે છે. જોકે, આ પર્વત પર પીવાના પાણીની અને અન્ય વપરાશના પાણીની સમસ્યા એક મોટો પડકાર બની રહે છે. ખાસ કરીને ઉનાળાની કાળઝાળ ગરમીમાં, પગથિયાં ચઢીને ઉપર આવતા યાત્રાળુઓ માટે પીવાનું પાણી મળવું મુશ્કેલ બની જાય છે.

પાણીની અછતને કારણે યાત્રાળુઓને ભારે હાલાકી ભોગવવી પડે છે. ગિરનાર પર્વતની ઊંચાઈ અને દુર્ગમતાને કારણે પાણી પહોંચાડવું એક જટિલ કાર્ય છે. ભવનાથ વિસ્તાર અને ગિરનાર પર્વત પર પર્યાવરણની જાળવણી માટે પ્લાસ્ટિક પર પ્રતિબંધ છે, જેના કારણે પાણીની બોટલોનું પરિવહન અને વેચાણ પણ અસરગ્રસ્ત થયા છે.

વેપારીઓ માટે પાણીના જગ ઉપર સુધી પહોંચાડવા અશક્ય અને મુશ્કેલ છે. જેથી ઉપર છેક સુધી પાણી પહોંચવું સંભવ નથી. જેથી અહીં આવતા યાત્રાળુઓને પીવાના પાણીની મુશ્કેલી ઊભી થાય છે.

બીજી તરફ રાજ્ય સરકાર દ્વારા ગિરનાર પર આવતા યાત્રાળુને કોઈ મુશ્કેલી ન પડે અને પીવાનું પાણી મળી રહે તે માટે પાણી પુરવઠા બોર્ડ અંતર્ગત ગિરનાર વોટર પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેમાં ગિરનારના જંગલમાં આવેલા હસનાપુર ડેમથી એક એમ.એલ.ડી પાણી લેવામાં આવશે. આ પાણીને શુદ્ધ કરીને ગિરનાર ઉપર પહોંચાડવામાં આવશે.

પાણી હસનાપુર ડેમથી કાલકા વડલા, હનુમાન ધારા અને શેસવાન થઈને અંબાજી સુધી આ પાઈપલાઈન પહોંચાડવામાં આવશે. ૮૯ કરોડના ખર્ચે આ પ્રોજેક્ટ માટે સૈદ્ધાંતિક મંજૂરીની રાહ જોવામાં આવી રહી છે. પાણી પુરવઠા બોર્ડ દ્વારા તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે અને પાણી પહોંચાડ્યા બાદ અલગ અલગ ૧૦ જગ્યા ઉપર પાણી વિતરણના પોઈન્ટ મૂકવામાં આવશે.

જ્યાંથી સિડી ઉપરથી આવતા શ્રદ્ધાળુઓ માટે પીવાનું પાણી મળી રહેશે તેવી વ્યવસ્થા કરવાનો પ્રોજેક્ટ તૈયાર કરવામાં આવ્યો છે. આમ સરકારની મંજૂરી મળ્યા બાદ આ પ્રોજેક્ટ શરૂ કરવામાં આવશે અને વહેલામાં વહેલી તકે પ્રોજેક્ટ પૂર્ણ કરીને ગિરનાર ઉપર આવતા યાત્રિકોને પૂરતું પાણી મળી રહે તે માટે વ્યવસ્થા કરવામાં આવશે.

# રેલ મંત્રાલયે ફિરોઝપુર-પટ્ટી રેલ લિંક પ્રોજેક્ટ (૨૫.૭૨ કિમી) ને મંજૂરી આપી, કેન્દ્રીય રેલ રાજ્યમંત્રી રવનીત સિંહ બિટ્ટુ

**● ચંદીગઢ, તા.૧૩**

રેલ્વે મંત્રાલયે ફિરોઝપુર-પટ્ટી રેલ લિંક પ્રોજેક્ટને મંજૂરી આપી છે. આ પ્રોજેક્ટ કુલ ૨૫.૭૨ કિલોમીટર સુધી ફેલાયેલો હશે અને તેનો ખર્ચ ₹૭૬૪.૧૯ કરોડ થવાનો અંદાજ છે, જેમાંથી ₹૧૬૬ કરોડ જમીન સંપાદન માટે રાખવામાં આવ્યા છે, જે રેલવે દ્વારા ઉઠાવવામાં આવશે. આજે મીડિયા બ્રીફિંગ દરમિયાન આ માહિતી આપતાં, કેન્દ્રીય રેલ્વે રાજ્યમંત્રી રવનીત સિંહ બિટ્ટુએ જણાવ્યું હતું કે આ પ્રોજેક્ટ વ્યૂહાત્મક અને આર્થિક બંને દ્રષ્ટિકોણથી અત્યંત મહત્વપૂર્ણ છે. તે ફિરોઝપુર અને અમૃતસર વચ્ચેનું અંતર ૧૯૬ કિલોમીટરથી ઘટાડીને આશરે ૧૦૦ કિલોમીટર કરશે, જ્યારે જમ્મુ-ફિરોઝપુર-ફાઝિલ્કા-મુંબઈ કોરિડોર ૨૩૬ કિલોમીટર ઘટાડશે. આ પ્રોજેક્ટ માલવા અને માઝા પ્રદેશો વચ્ચે એક મહત્વપૂર્ણ કડી સાબિત થશે, જે પ્રાદેશિક જોડાણ અને લોજિસ્ટિકલ કાર્યક્ષમતામાં સુધારો કરશે.ભારતના માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી શ્રી અમિત શાહ અને રેલ્વે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવનો આભાર વ્યક્ત કરતા બિટ્ટુએ કહ્યું કે આ પંજાબ માટે એક ઐતિહાસિક ભેટ છે. નવી રેલ લાઈન જલંધર-ફિરોઝપુર અને પટ્ટી-ખેમકરણ રૂટને જોડશે, જે આંતરરાષ્ટ્રીય સરહદની નજીક સીધો અને વૈકલ્પિક જોડાણ સ્થાપિત કરશે. આ રૂટ વ્યૂહાત્મક સંરક્ષણ મહત્વના વિસ્તારોમાંથી પસાર થશે.

**Bharat Parenterals Limited**

**Registered Office & Works:**
Survey No.: 144-A, Jarod-Samlaya Road, Vill. Haripura,
Ta. Savli, Dist. Vadodara - 391520 (Guj.) India.
Mobile : 99099 28332
E-mail: info@bplindia.in, Web.: www.bplindia.in
CIN NO: L24231GJ1992PLC018237
(WHO-GMP CERTIFIED * STAR EXPORT HOUSE)

**STATEMENT OF UN-AUDITED STANDALONE AND CONSOLIDATED FINANCIAL RESULTS FOR THE QUARTER AND HALF YEAR ENDED SEPTEMBER 30, 2025.**

Based on the recommendations of the Audit Committee, the Board of Directors of Bharat Parenterals Limited ("the Company") at their meeting held on November 12, 2025 have approved the un-audited standalone and consolidated financial results for the quarter and Year ended September 30, 2025.

The aforementioned financial results along with Limited Review report have been posted on Company's website at
**https://www.bplindia.in/img/investor-page/Financial%20Performance/FY%202025-26/Q2/Financial%20Q2_OUTCOME_OF%20BM%20.pdf_signed.pdf**
and can also be accessed by scanning a Quick Response Code

**Date: November 13,2025**
**Place: Vadodara**

**For and behalf of Board of Directors of Bharat Parenterals Limited**
Sd/- **Mr. Bharatkumar Desai**
Chairman & Managing Director
**DIN: 00552596**

Note: The Above Information is in accordance with regulation 33 read with regulation 47(1) of the SEBI (Listing Obligations & Disclosure Requirements) Regulations, 2015.